## અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને

# વડેરા અને રંગપુરમાં ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''માં જનમેદની ઉમટી

**પ્રધાનમંત્રીનો ગેરન્ટીવાળો રથ ગામે-ગામ કેન્દ્ર સરકારની યોજનાનો લાભ પહોંચાડી રહ્યો છે**

**જન આરોગ્ય, આવાસ યોજના, આઈસીડીએસ સહિતની યોજનાનાં લાભ લાભાર્થી સુધી પહોંચ્યા**

**વિદ્યાર્થીઓ દ્વારા કૃષિનો સંદેશ આપતું નાટક ''ધરતી કહે પુકાર''ની પ્રસ્તૃતી કરાઈ**

**કૃષિ ડ્રોન દ્વારા દવાનાં છંટકાવનું નિદર્શન પણ કરવામાં આવ્યું**










અમરેલી, તા. ૨૦

વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી ઉપરાંત વિકાસ યાત્રામાં છેવાડાના અંતિમ માનવી સુધી કેન્દ્ર અને રાજય સરકારની જન કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવા માટે સમગ્ર દેશમાં ' વિકસિત ભારત સંકલ્પ યાત્રા' શરૂ છે. અમરેલી તાલુકાના વડેરા અને રંગપુર મુકામે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ સ્થળ પર તેમજ વિગતે વિવિધ યોજનાકીય માહિતી લોકોને આપવામાં આવી હતી.

વડેરા અને રંગપુર મુકામે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, આઈ.સી.ડી.એસ. સહિતની યોજનાઓના લાભ પાત્રતા ધરાવતા લાભાર્થી સુધી પહોંચાડવામાં આવ્યા હતા. ઉપરાંત 'મેરી કહાની–મેરી ઝુબાની' અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (આયુષ્માન કાર્ડ), પ્રધાનમંત્રી ઉજજવલા યોજના સહિતની કેન્દ્રની યોજનાઓના લાભાર્થીઓએ પોતાનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો અને સરકારનો આભાર વ્યકત કર્યો હતો. ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પ સંદેશને ડિજિટલ માધ્યમથી ગ્રામજનોએ નિહાળ્યો, સાંભળ્યો હતો.

રંગપુર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સંબોધન કરતાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી–કુંકાવાવ–વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ગેરેન્ટી વાળો રથ ગામે ગામ કેન્દ્રની યોજનાઓના લાભ પહોંચાડી રહ્યો છે, આયુષ્માન કાર્ડ થકી લોકોની આરોગ્ય સુરક્ષા મજબૂત બની છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે લોકોના ઘરના ઘરનું સપનું સાકાર થઈ રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, કેન્દ્ર સરકારની યોજનાઓ થકી છેવાડાના વંચિત અને ગરીબ લોકોનું સશકિતકરણ થઈ રહ્યું છે અને તેમના જીવનમાં હકારાત્મક પરિવર્તન આવ્યું છે. વડેરા ખાતે આયોજિત કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાકૃતિક કૃષિનો સંદેશો આપતું નાટક 'ધરતી કરે પુકાર' ની અર્થસભર પ્રસ્તુતી કરવામાં આવી હતી. ઉપરાંત કૃષિ ડ્રોન દ્વારા દવાના છંટકાવનું નિદર્શન પણ આ તકે કરવામાં આવ્યું હતું.

વડેરા અને રંગપુર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ, વિવિધ સમિતિના સભ્યો, ગામના સરપંચ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, વિવિધ વિભાગના અધિકારીઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## રાજુલા : રેતી વોશિંગ પ્લાન્ટ નજીક પાર્ક કરેલ ટ્રકમાંથી ડીઝલ ચોરી કરનાર શખ્સ ઝડપાયો

**આરોપી શબીરશા શેખ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૨૦

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ મિલ્કત સબંધી ગુનાઓના આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ. જે અન્વયે રાજુલાના પોલીસ ઈન્સ. આઈ.જે. ગીડાની રાહબરી હેઠળ રાજુલા તાલુકાના હિંડોરણા ગામે કાતર જવાના રસ્તે રેતી વોર્શીંગના પ્લાન્ટની બાજુમા આવેલ ચામુંડા બોડી વર્કસ ગેરેજની સામે પાર્ક કરેલા અલગ અલગ ચાર ટ્રકોની ડીઝલ ટાંકીમાંથી આશરે ૪૪૦ લીટર જેટલું ડિઝલ કિંમત રૂપિયા ૪૦૪૮૦ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરીને લઈ ગયેલ હોય. જેથી ફરિયાદીની ફરિયાદ આધારે રાજુલા પોલીસમાં આઈપીસી કલમ ૩૭૯, ૪૪૭ મુજબનો ગુન્હો તા. ૧૮/૧૨ના જાહેર થયેલ હોય અને નાસી ગયેલ આરોપીની ખાનગી બાતમીદારો



મારફતે ચોકકસ બાતમી તથા ટેકનીકલ મદદ મેળવી ઉપરોકત ગુન્હાને અંજામ આપનાર આરોપી શબીરશા ગરીબશા શેખ (રહે. બીડી કામદાર, રાજુલા) તથા ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે ગણતરીની કલાકોમા પકડી પાડી ૧૦૦ ટકા મુદ્દામાલ રિકવર કરી રાજુલા પોલીસ ટીમ ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

જયારે પકડવાના બાકી આરોપીઓ દિનેશભાઈ મધુભાઈ બારૈયા, પ્રકાશભાઈ જાદવભાઈ બારૈયા (રહે. બંને છતડીયા, તા. રાજુલા)ની શોધખોળ આદરી છે.

---

### શહેરમાં રખડૂ શ્વાન, આખલાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં નીલગાયની ઉપાધી

## ધારીનાં કમીકેરાળામાં નીલગાયએ આતંક મચાવીને ખેડૂતને હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી

**નીલગાયનું રેસ્કયુ કરીને એનીમલ કેર સેન્ટરમાં લઈ જવાઈ**





અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં સામાન્યા રીતે સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓ લોકો અને દુધાળા પશુ ઉપર હુમલો કરી શિકાર અથવા તો ધાયલ કરે છે. ત્યારે આજે ધારીનાં તાલુકાનાં કમી કેરાળાા ગામે એક નીલગાયએ આંતક મચાવી અને ખેડૂતને હડફેટે ગંભીર ઈજા પહોંચાડી હતી.

આ બનાવમાં અમરેલી જિલ્લામાં પ્રથમ વખત એવી ઘટના સામે આવેલ છે જેમાં એક નીલગાયએ ધારી તાલુકાનાં ચલાલા નજીક આવેલ કમી ગામમાં રહેતા ખેડૂત મનુભાઈ નથુભાઈ ચિરોયા પોતાનાં ઘરની બહાર શેરીમાં હતા ત્યારે ખેડૂત એન નીલગાય સામસામે શેરીમાં થઈ જતાં નીલગાયે ખેડૂત ઉપર નીલગાયે હુમલો કરી દીધો હતો. અને તે ખેડૂતને શિંગડા વાળા નીલગાયે ખેડૂતને પેટનાં ભાગે તથા છાતીના ભાગે ગંભીર ઈજા કરી દેતા ખેડૂતને સારવાર માટે અમરેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતા.જયારે આ નીલગાય ખેડૂત ઉપર હુમલો કરી બાજુના ઘરનાં ફરજામાં ઘુસી જતાં અફડાતફડી મચી જવા પામી હતી.

નીલગાય દ્વારા ખેડૂત ઉપર હુમલાની ઘટનાની જાણ ગ્રામજનોમાં થતા આ ગામમાં ભયનો માહોલ છવાયો છે. જયારે બનાવ બાદ વનવિભાગની એક ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અને વેટરનરી ડોકટરની સાથેની ટીમ દ્વારાા નિલગાયને રેસ્કયુ કરી અને તેમને પકડી લઈ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવી છે.

સામાન્ય રીતે સિંહ દીપડાનાં રેસ્કયુ ઓપરેશન કરતા વનતંત્રએ આજે નીલગાયનું રેકસ્યુ ઓપરેશન કરવું પડયુ હતું. જેમાં ટ્રાગ્યુલાઈજ ઈન્જેકશનની નીલગાયને બેભાન કરી વન વિભાગે પાંજરે પુરી દેતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. જયારે નીલગાય દ્વારા હુમલાની ઘટના સૌ પ્રથમ વખત સામે આવતા વનવિભાગના કર્મચારીઓ પણ ચોંકી ઉઠયા છે. અને ગ્રામજનોમાં શિગડા વાળા નીલગાયને કારણે ભયનો માહોલ છવાયો હતો.

---

### પાટણ ખાતે પ્રથમ સ્થાન મેળવ્યુ

## અમરેલી જિલ્લાનાં યુવા કલાકારોએ રાજકક્ષાનાં યુવક મહોત્સવમાં ગૌરવ વધાર્યુ

**કલરવ બગડા, ધૈર્ય જોષી અને મંત્ર ગોસ્વામી પર અભિનંદનવર્ષા**

સાવરકુંડલા, તા. ૨૦

વિવિધ કલા ક્ષેત્રમાં અમરેલી જીલ્લાના યુવાનોએ પોતાની પ્રતીભા દર્શાવી હતી. સમગ્ર રાજયમાંથી દરેક જીલ્લામાંથી પ્રથમ આવેલા કલાકારોનો રોમાંચક મુકાબલામાં અમરેલી જીલ્લાના ત્રણ વિદ્યાર્થીઓ બાઝી મારી ગયા છે.

હાર્મોનિયમ વાદનમાં સમગ્ર રાજયમાં માધવ સંગીત વિદ્યાલયના વિદ્યાર્થી કલરવ બગડા



પ્રથમ સ્થાને આવ્યા છે. સમગ્ર રાજયના હાર્મોનિયમ પ્લેયરોને હરાવી કલરવ પ્રથમ સ્થાને આવ્યા છે. તો તબલામાં ધારીના વિદ્યાર્થી ધૈર્ય વિપુલભાઈ જોષીએ પ્રથમ સ્થાન મેળવ્યુ છે. ધૈર્ય જોષી પ્રથમ વખત જ રાજયકક્ષાએ પરફોર્મન્સ આપી રહ્યા હતા અને પ્રથમ સ્થાન મેળવવામાં સફળ થયા છે.

લોકવાદ્યમાં મંત્ર ગોસ્વામીએ દ્વીતીય સ્થાન મેળવી સાવરકુંડલાનું ગૌરવ વધાર્યુ છે.

---

### તાલુકા કોંગી ઉપપ્રમુખની રજૂઆત

## અમરેલી–દામનગર રૂટની બસને નિયમિત કરવા માંગ

**એસ.ટી. નિયામકને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૨૦

અમરેલી–દામનગર–સતાધાર રૂટની બસ સવારે દામનગરથી ૮:૩૦ કલાકે ઉપડે છે. જે અમરેલી આવવા માટે એક માત્ર બસ છે અને તે બસ અવાર–નવાર સામાન્ય કારણોસર બંધ રહે છે. જેના લીધે અમરેલીથી દામનગર રૂટનાં ગામો ઈશ્વરીયા, વરસડા, કેરાળાનું પાટિયુ, લાઠી, રામપર તાજપર, ભૂરખિયા, દામનગર વગેરે જેવા ગામોનાં વિદ્યાર્થીઓ, વેપારીઓ, ધંધાર્થીઓ, મુસાફરોને સવારમાં અમરેલી આવવું મુશ્કેલ બને છે. તો લોકોને પડતી હાલાકીને ધ્યાનમાં રાખીને યોગ્ય કરવા તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ પોકિંયાએ એસ.ટી નિયામક સમક્ષ માંગ કરેલ છે.

---

## દામનગરમાં સરદાર સર્કલ સહિતનાં વિવિધ વિસ્તારોમાં સ્પીડ બ્રેકર બનાવો

દામનગર, તા. ૨૦

દામનગર શહેરમાં બહાર ગામના લોકો ખરીદી (હટાણું.) કરવા માટે વાહનો લઈને આવે છે અને સ્થાનિક લોકોના વાહનોની અવરજવરનાં કારણે સરદાર સર્કલ, નવા બસ સ્ટેન્ડ, ઠાસા રોડ ચોકડી, રાભડા – ધામેલ રોડ ચોકડી, પટેલ વાડી પાસે, સરકારી દવાખાના પાસે, ભુરખિયા – ઢસા રોડ ચોકડી અને જયા જરૂરિયાત હોય ત્યાં સ્પીડ બ્રેકર બનાવવાની તાતી જરૂરિયાત હોય નગરપાલિકા તંત્ર સૂચિત જગ્યા પર સ્પીડ બ્રેકરો બનાવે તે પણ વિકાસનો એક ભાગ ગણાશે..!!



## મહાત્મા ગાંધીનાં ગુજરાતમાં અસલી શું છે અને નકલી શું છે તે સમજાતું નથી

# હવે તો ''નકલી''ની હદ થઈ : લીલીયા પંથકમાંથી નકલી ઘીની ફેક્ટરી ઝડપાઈ

**સનાળીયા ગામે ૪ શખ્સોએ નકલી ઘી બનાવવા માટે ઘણા સમયથી ફેક્ટરી શરૂ કરી હતી**

**હજારો વ્યકિતઓનાં પેટમાં નકલી ઘીએ પહોંચીને કંઈકની તબિયત બગાડી હશે તેવું કહી શકાય**

**નકલી ખાદ્ય પદાર્થ બનાવનાર શખ્સોની પોલીસે લાખો રૂપિયાનાં મુદ્દામાલ સાથે અટકાયત કરી**

**જનઆરોગ્ય સાથે ચેડા કરનાર શખ્સો વિરૂધ્ધ રાષ્ટ્રદ્રોહની કલમ મુજબ કાર્યવાહી કરવી જરૂરી બની છે**




અમરેલી, તા. ૨૦

મહાત્મા ગાંધી અને સરદાર પટેલની જન્મૂભમિ ગુજરાતમાં નકલી અધિકારી, નકલી કચેરી, નકલી ટોલનાકુ ઝડપાયાની અનેક ઘટના બાદ લીલીયાનાં પીપળવા ખાતેથી નકલી ઘીની મસમોટી ફેકટરી ઝડપાતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી ગઈ છે. સરકારે નકલી ખાદ્ય પદાર્થ વેચનાર શખ્સો વિરૂધ્ધ રાષ્ટ્રદ્રોહની કલમ અંતર્ગત કાર્યવાહી કરવી જરૂરી બની છે. કારણ મોટાભાગનાં ખાદ્ય પદાર્થોમાં બનાવટ થઈ રહી હોવાનું સૌ જાણે છે.

વિગત એવા પ્રકારની છે કે, લીલીયા તાલુકાના પીપળવા ગામેથી જન આરોગ્ય સાથે ગંભીર ચેડા કરતી નકલી ઘીની ફેકટરી ઝડપાઈ હતી. જેમાં આશરે ૨૨,૮૧,૩૬૦નાં મુદ્દામાલ સાથે ચાર શખ્સોને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે આ બનાવને લઈ અમરેલી પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ આકાશભાઈ કનુભાઈ વિઝંવા, (રે. રાજુલા), ભરતભાઈ વાસુરભાઈ વિઝંવા (રે. પીપળવા, તા.લીલીયા), સાહીલભાઈ ઈસ્માઈલભાઈ જાખરા (રે. રાજુલા), રામભાઈ મસરીભાઈ વિઝંવા (રે. જુનવદર, તા. ગઢડા) તથા નવસાદભાઈ શબ્બીરભાઈ ગાહા (રે. છાપરી, તા. સાવરકુંડલા)નાં આરોપીઓએ અમુત મીનરલ વોટર નામના કારખાનામાં આરઓ પ્લાન્ટની આડમાં અનઅધિકુત રીતે વનસ્પતિ ઘી તથા તેલમાં અન્ય પદાર્થનુ મીશ્રણ કરી બનાવટી ભેળસેળ યુકત અખાધ્ય ઘી બનાવવાનુ કારખાનુ ચલાવી તેમાં ઘીના ઔષધી દેશી ગાય ઘી નામે પેકીંગો કરી આરોપીઓએ સાથે મળી ગેરકાયદેસર બનાવટી ઘીનુ મશીનરી ધ્વારા ઉત્પાદન કરી માનવ જીંદગી જોખમાઈ તેવા અખાધ્ય પદાર્થની બનાવટ કરી આ કામના મજકુર ઈસમ આકાશ કનુભાઈ વિઝંવાએ અલગ અલગ ગામો ખાતે આ ખોટુ નામ ધારણ કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરી બનાવ સ્થળની ઓળખ છુપાવી સરકાર તથા અન્ય જાહેર લોકો સાથે વિસઘાત તથા છેતરપીંડી કરી માનવ જીંદગીના આરોગ્ય સાથે ચેડા કરી પોતાનો આર્થિક ફાયદો મેળવવા સારૂ અગાઉથી કાવતરૂ ઘડી તેની સાથેના અન્ય ઈસમોએ આ બનાવટી ઘી હોવાનુ જાણવા છતાં પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે થઈ ગુન્હો કરી કુલ રૂપિયા ૨૨,૮૧,૩૬૦ ના મુદ્દામાલ સાથે ૪ આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે હજુ હમણાં જ દિવાળી તથા લગ્નસરાની મોસમ પુરી થઈ છે. ત્યારે આવા પ્રસંગોમાં આવા નકલી ઘીનો પણ ઉપયોગ થયો હોવાની શકયતા નકારી શકાતી નથી. ત્યારે લાખો લોકોના પેટમાં આ 'નકલી ઘી' પધરાવી દેવાયું હોવાની પણ શકયતા છે. ત્યારે આ ફેકટરીમાંથી કેટલા લોકોને 'નકલી ઘી' સપ્લાય કરવામાં આવેલ છે તે પણ તપાસનો વિષય છે.

## રાજુલામાં સામાન્ય બાબતે મારામારીની ઘટના બની

અમરેલી, તા. ૨૦

રાજુલા ગામે લીલાપીરની ધાર, હનુમાનજીના મંદીર પાસે રહેતા રમેશભાઈ ભોળાભાઈ વેગડ નામના ૨૯ વર્ષિય યુવકના ઘરની સામે આવેલ કરશનભાઈ તથા અમરાભાઈની સંયુકત જગ્યામાં કરશનભાઈએ બેલા મુકેલ હોય જે બાબતે યુવકે કરશનભાઈને બેલા મુકવા બાબતે ના પાડેલ નહી હોય, જે બાબતે આરોપી અમરાભાઈ કાળાભાઈ કવાડ તથા લાલો અમરાભાઈને સારૂ નહી લાગતા આ આરોપીએ પોતાના હાથમા લોખંડની પાઈપ લઈ યુવક જયાં ઉભેલ હતા ત્યા જઈ બંનેએ જેમફાવે તેમ ગાળો આપી પાઈપનો એક ઘા ફરીયાદીના જમણા હાથના પંજા પર મારી મુઢ ઈજા કરી અચાનકથી યુવકના માથામાં કપાળના ઉપરના ભાગે લોખંડનો પાઈપનો એક ઘા મારી માથા પર કપાળના ઉપરના ભાગે સાત ટાકા લાવી બંને આરોપી યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### લગ્નની લાલચ આપીને જુદા જુદા સ્થળે લઈ જઈને

## અમરેલીની એક તરૂણી સાથે જસદણનાં બરવાળા ગામના શખ્સનું દુષ્કર્મ

**પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૦

અમરેલીમાં રહેતી એક તરૂણીના ભોળપણનો લાભ લઈ જસદણ તાલુકાના બરવાળા ગામે રહેતા વિરમ સુખાભાઈ સોલંકી નામના આરોપીએ તરૂણીને લગ્નની લાલચ આપી તેણીના વાલીના કાયદેસરના વાલીપણામાંથી આજથી આશરે બારેક દિવસ પહેલા ભગાડી લઈ જઈ શરીર સબંધ બાંધી તથા ગત તા.૧૭/૧૨ ના રોજ બીજી વખત ભોગ બનનારને ભગાડી લઈ જઈ અમરેલી, પ્રતાપપરા રોડે કોઈક જગ્યાએ તથા જૂનાગઢ, ધરાનગર ખાતે રાત્રીના આરોપીએ તરૂણીને શરીર સબંધ બાધવાનું કહેલ જેથી તેણીને ના પાડેલ તેમ છતાં આરોપીએ ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધી સગીર વયની હતી અને તે સમંતી આપવા અસમર્થ હતી તેમ છતાં આરોપીએ ભોગ બનનાર સાથે શારીરિક અડપલા રોમાન્સ કરી ભોગ બનનારની સાથે અવાર–નવાર બળાત્કાર ગુજારી જાતીય હુમલો તથા ઉગ્ર જાતીય હુમલો, જાતીય સતામણી કર્યાની ફરિયાદ નોંધાય છે.































જિલ્લાનાં જુદા–જુદા વિભાગ દ્વારા આયોજન

# જાફરાબાદ : મિતિયાળા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત થયુ

## સરકારની વિવિધ યોજનાઓનાં લાભોનું થયું વિતરણ

જાફરાબાદ, તા. ૨૦

જાફરાબાદનાં મિતિયાળા ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનાં રથનું ભવ્ય સ્વાગત કરતા મિતિયાળા ગામનાં ગ્રામજનો આ કાર્યક્રમ દરમિયાન મિતિયાળા ગામે મારૂ ગામ ટીબી મુકત ગામ અંતર્ગત ટીબી રોગ વિશે તાલુકા ટીબી સુપરવાઈઝર જોષીભાઈ દ્વારા ટીબી વિશે પ્રવચન આપવામાં આવ્યું હતું તથા ટીબી વિશે માહિતી આપવા આવી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું મુખ્ય હેતુ કેન્દ્ર અને રાજય સરકારની ફલેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી જાફરાબાદનાં મિતિયાળા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. જયાં ગ્રામજનો દ્વારા સંકલ્પ યાત્રાનાં રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે પ્રાથમિક શાળાનાં આચાર્ય દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું તેમજ વિવિધ શાખાઓ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની પોષણ અભિયાન, પીએમ કિસાન સન્માન નિધિ, કિસાન ક્રેડીટ કાર્ડ યોજના, વિશ્વકર્મા



યોજના, આયુષ્યમાન કાર્ડ યોજના, જનજીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, પશુપાલન માટેની યોજના, તેમજ આઈસીડીએસમાંથી મળતી તમામ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ અવસરે મિતિયાળ પ્રાથમિક શાળાનાં શિક્ષકો તથા આચાર્ય તથા સરપંચ તથા ગ્રામપંચાયતનાં સભ્યો તથા આરોગ્ય અધિકારી તથા આંગણવાડી બહેનો, શિક્ષિકા બહેનો તથા આરોગ્ય શાખાનાં તાલુકા ટીબી સુપરવાઈઝર જોષી તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા મિતિયાળાનાં ગામજનો ઉપસ્થિત રહ્યાં હતા. આ અવસરે મહાનુભાવોનાં હસ્તે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનાં લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ પોષણ અભિયાન, પી.એમ.જે.વાય., સખીમંડળ, ખેતીવાડી વિભાગ, આરોગ્ય વિભાગ આઈ.સી.ડી.એસ.નાં લાભાર્થીઓએ પોતાનાં અનુભવો જણાવ્યા હતા. આ કાર્યક્રમ રંગે ચંગે પૂર્ણ થયો હતો.

# અમરેલીના વેપારી અગ્રણીની શુભેચ્છા મુલાકાત કરતા અગ્રગણ્ય વેપારીઓ



અમરેલી, તા.૨૦

અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના એડવાઈઝર અને અમરેલી શહેર ભાજપ ઉપપ્રમુખ યોગેશભાઈ ગણાત્રા તબિયત ખબર અંતર અને શુભેચ્છા મુલાકાત કરતા અમરેલી શહેર ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ અમરેલી રીટેલ કરીયાણા એસોશિયેશન તથા ઈન્દીરા શોપિંગ સેન્ટરના વેપારીઓ મુલાકાત કરી જલારામ બાપા ઝડપથી સાજાએ પ્રાર્થના આ દરમિયાન ઉપસ્થિત રહેલ વેપારીઓમાં દરમિયાન, ચતુરભાઈ અકબરી, હરેશભાઈ સાદરાણી, રાજેશભાઈ કાબરીયા, રાજેશભાઈ કાબરીયા, પિન્ટુભાઈ કુરૂદલે, બાબુભાઈ કાબરીયા, દિનેશભાઈ ભુવા, જીલુભાઈ વાળા, ગીરીશભાઈ ભટ્ટ, મજબૂતસિહ બસીયા, હકુભાઈ ચૌહાણ, મુકુંદભાઈ ગઢીયા,ગોપાલભાઈ રાજા, મહેશભાઈ જીતુભાઈ સોમાયા, નટુભાઈ મસોયા, યોગેશભાઈ કોટેચા, હરેશભાઈ ટાક, ભાવેશભાઈ ભટ્ટ,સહીત અનેક વેપારીઓ ઉપસ્થિત રહેલ હતા.

શાસકો સુવિધા આપે તો હિતશત્રુઓ કળા કરી જાય

# લ્યો બોલો : સા.કુંડલામાં જાહેર શૌચાલયમાંથી બે જ દિવસમાં નવા નળ ગાયબ થઈ ગયા

## જો આવુ થશે તો પે એન્ડ યુઝ સિસ્ટમ જરૂરી બનશે

સાવરકુડલા, તા. ૨૦

સાવરકુડલા શહેરમાં જુના બસ સ્ટેન્ડ પાસે તેમજ પોલીસ સ્ટેશનથી તદ્દન નજીક હજુ બે દિવસ પહેલાં જ નગરપાલીકા દ્વારા લોકોની સુખાકારી માટે શૌચાલય બનાવવામાં આવ્યું. જેથી તે વિસ્તાર ભારે ભીડભાડવાળો હોવાથી લોકોને તકલીફનો સામનો ન કરવો પડે. પરંતુ બે જ દિવસમાં આ શૌચાલયમાંથી નવા નળ ગાયબ થઈ ગયા. જે સુવિધાયુકત શૌચાલય નગરપાલીકાએ જનતાની સુખાકારી માટે બનાવ્યું. તે સુવિધા આ ટીખળીખોરોને લીધે બે જ દિવસમાં કથળવા માંડી. બાજુમાં જ પોલીસ સ્ટેશન હોવા છતાં આ ચોરો ગેન્ડીનાં



નવા નળની ચોરી કરી ગયા. આ તો પાડાને વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ સર્જાતા લોકો હતપ્રભ બની ગયા.પાંચ ટકા આવા તત્વોને લીધે પંચાણુ ટકા લોકોને ભોગવવાનો વારો આવે છે. જો આવું જ રહ્યું તો ભવિષ્યમાં સાવરકુડલામાં કોન્ટ્રાકટ બેઈઝ દ્વારા પે એન્ડ યુઝ સીસ્ટમ શરૂ કરવી પડશે.

૧૬ દિવસ સુધી નિઃશુલ્ક દર્દીઓ તપાસ્યા

# ટીંબી : નિર્દોષાનંદજી હોસ્પિટલ ખાતે અમેરિકા સ્થિત તબીબની અનેરી સેવા

## માનસિક રોગનાં ૧૪૫ દર્દીઓની સારવાર કરી

ટીંબી, તા.૨૦

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) માં દર્દીનારાયણની નિઃશૂલ્ક આરોગ્યસેવાર્થે અમેરીકાના માનસિક રોગોનાં નિષ્ણાંત ડો.ભૂપેન્દ્ર રાજપુરા તા.૨ ડિસેમ્બરથી તા.૧૬ ડિસેમ્બર–૨૦૨૩ (૧૬ દિવસ માટે) દર્દીઓનાં નિદાન અને સારવાર કરવા માટે આવ્યા હતા.

આ દિવસો દરમિયાન કુલ ૧૪૫ જેટાલ માનસિક રોગોનાં દર્દીઓએ સારવારનો લાભ મળેલ હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે



ડો.ભુપેન્દ્ર રાજપુરા અમેરીકાથી છેલ્લા ત્રણ વર્ષથી દરવર્ષે લગભગ બે અઠવાડીયા માટે હોસ્પિટલમાં દર્દીનારાયણની સેવાર્થે આવે છે.

હોસ્પિટલ ટ્રસ્ટીમંડળ વતિ મેડીકલ સુપ્રિ.ડો.નટુભાઈ રાજપરા અને મંત્રી બી.એલ.રાજપરા દ્વારા ડો.ભુપેન્દ્ર રાજપુરા તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતિ કલ્પનાબેન ભુપેન્દ્ર રાજપુરાનું મોમેન્ટો અને શાલ અર્પણ કરીને સન્માનિત કરી હૃદયપુર્વકનો આભાર વ્યકત કરેલ છે.

# રાજુલા : જેટકો સબસ્ટેશન દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



રાજુલા, તા. ૨૦

રાજુલા આ શહેરમાં આજરોજ રાજુલા તેમજ ખાંભાનાં જેટકોનાં સ્ટાફ દ્વારા એક જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો આ જાગૃતિ કાર્યક્રમ રાજુલા શહેરની જે.એ. સંઘવી હાઈસ્કુલ ખાતે યોજવામાં આવ્યો.

શાળાનાં બાળકોને આ જેટકોનાં સ્ટાફ દ્વારા વીજળી બચાવવા બાબતે ઉર્જા બચાવવા બાબતે વિવિધ મુદ્દાઓ સાથે શાળામાં ભણતા બાળકોને માહિતી આપવામાં આવેલી અને થોડા સમય બાદ મકરસંક્રાંતિ આવતી હોય ત્યારે પતંગ ઉડાડતા સમયે કેવી અને કેટલી સાવચેતી રાખવી જોઈએ તે બાબતે આ બાળકોને જાગૃત કરવામાં આવ્યા ત્યારે સાથે સાથે આ કાર્યક્રમમાં શાળાનો સમગ્ર સ્ટાફ તેમજ હાજર રહેલા ઉપરોકત કાર્યક્રમમાં રાજુલા ખાંભા જેટકો સ્ટાફનાં જે.ઈ.બી.એમ બારડ, એલ.જે. પાથર, આર.ડી. વાળા, ડી.ડી. પારઘી તથા રાજુલા સ્ટાફ વી.કે. પાડલીયા, ડી.એફ. સમા, આર.એન. જોષી, આર.એસ. પરમાર, એ.એસ. વાઘ સહિતનો સમગ્ર સ્ટાફ હાજર રહેલો.

આગામી ૨૫ અને ૨૬ ડીસે.નાં રોજ ભવ્ય આયોજન


# સા.કુંડલા : જય પીર બાબા રામદેવ મંદિર વિશ્રામ બાપુની જગ્યામાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

## સંતો, મહંતો, રાજકીય અને સામાજિક આગેવાનો જોડાશે

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલાના હાથસણી રોડ પર જય પીર બાબા રામદેવ મંદિર વિશ્રામ બાપુની જગ્યા છે ત્યાં બ્રહ્મલીન ભકતશ્રી વિશ્રામ બાપુ અને દેવુ માના પ્રતિષ્ઠા મહોત્સવ તારીખ ૨૫/૧૨/૨૦૨૩ અને તારીખ ૨૬/૧૨/૨૦૨૩ ના રોજ યોજાશે વેગડા પરિવાર દ્વારા આયોજિત આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં રાજકીય સામાજિક ધાર્મિક આગેવાનો જોડાશે.

જયારે ૨૫/૧૨/૨૦૨૩ સોમવારે શ્રીફળ હવન અને સાંજે રાસ ગરબા યોજાશે જયારે ૨૬/૧૨/૨૦૨૩ મંગળવારે શોભા યાત્રા સવારે ૯ કલાકે થી રૂડા ભગતની જગ્યાથી લાખા ભગતની ગયા ભુવા રોડથી નાવલી બજારથી રિદ્ધિ સિદ્ધિ ચોક થી મણીભાઈ





ચોકથી હાથસણી રોડ બાબા રામદેવ મંદિર સુધી, યજ્ઞ હવન સંતોના સામૈયા ધર્મ સભા સન્માન વિધિ જયોત પ્રાગટય અને સાંજે સંતવાણી અને બંને દિવસે ભોજન અને ૨૬/૧૨/૨૦૨૩ સાંજે ૭:૩૦ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરેલ છે.

કાર્યક્રમથી સમગ્ર વાતાવરણ ભકિતમય થશે અને મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉલ્લાસથી ઉજવાશે તેવું વેગડા પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

પારેખ પરિવારના સહયોગથી

# ભુરખિયા ખાતે વિનામૂલ્યે નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

## લાયન્સ કલબ (સીટી)નું આયોજન

અમરેલી, તા.૨૦

લાયન્સ કલબ ઈન્ટરનેશનલનાં સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ ઓફ અમરેલી (સીટી) શ્રી ભૂરખિયા હનુમાનજી ટ્રસ્ટ તથા શ્રી ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટનાં સંયુકત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર, મુંબઈના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રાલયનાં સહયોગથી ૬૯મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર મુકામે તા.૨૦/૧૨/૨૦૨૩ ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતુ.

નેત્ર નિદાન અને નેત્રમણી



આરોપણ કેમ્પનું દીપપ્રાગટય શ્રી હનુનમાનજી મંદિર ટ્રસ્ટનાં વ્યવસ્થાપક દેવજીભાઈ સિંધવ દ્વારા કરવામાં આવેલ હતું.

આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ નિષ્ણાંત ડોકટર ડો.દર્શિતભાઈ ગોસાઈ દ્વારાા કરવામાં આવેલ હતી. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાનાં ટાંકા વગરનાં ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતા. તેમજ નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની પત્રિકાનું પણ આજુબાજુનાં ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું.

# સા.કુંડલા ખાતે એનએસયુઆઈ દ્વારા રવિવારે સાઈકલ સ્પર્ધા યોજાશે

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા એન.એસ.યુ.આઈ. દ્વારા સાઈકલ સ્પર્ધા યોજાય છે તો આ વખતે પણ સાઈકલ સ્પર્ધા તારીખ ૨૪/૧૨/૨૦૧૩ રવિવારે સવારે ૬ કલાકે યોજાશે. ધોરણ પાંચ, છ થી લઈ કોલેજ ઓપન વિભાગ સુધી એમ કુલ પાંચ અલગ અલગ વિભાગમાં આ સ્પર્ધા યોજાશે અને કુલ ૩૦ ઈનામો પણ આપવામાં આવશે સ્પર્ધાનું સ્થળ શ્રી અક્ષર પુરૂષોત્તમ મંદિર સામે રિલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં મહુવા રોડ સાવરકુંડલાથી આયોજન છે.

વધુમાં વધુ લોકો સાઈકલ સ્પર્ધામાં જોડાય તેવું એન.એસ.યુ.આઈ. ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ કેતનભાઈ ખુમાણ એ જણાવ્યું હતું.

# અમરેલીની સેન્ટમેરી હાઇસ્કુલમાં એજયુકેશન ફેર યોજાયો

અમરેલી, તા. ૨૦

અમરેલી શહેરમાં આવેલ સેન્ટમેરી હાઈસ્કુલમાં તાજેતરમાં વિદ્યાર્થીઓ દ્વારા એજયુકેશન ફેર સંસ્થાના સંચાલક ફાધર બીનું કુણેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. વિદ્યાર્થીઓ દ્વારા પ્રાચીન સંસ્કૃતિ, આધુનિક ટેકનોલોજી તથા પર્યાવરણ જાળવણી અંગેના પ્રોજેક્ટ બનાવીને પોતાની કલા પ્રદર્શિત કરી હતી. બાળકોને પ્રોત્સાહિત કરવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ સભ્ય એવમ અમરેલી શહેર ભાજપના મહામંત્રી ભરતભાઈ મકવાણા તથા અમરેલી શહેરના જનરલ ફિઝિશિયન અને જાણીતા તબીબ ડો. ચંદ્રેશભાઈ ખૂંટ તથા ડીવાયએસપી ગોહિલ સહિતના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



# રાજુલા ખાતે સંસારા ગૃપ દ્વારા ભાજપ અગ્રણી રવુભાઈ ખુમાણનાં હસ્તે વિકલાંગ મહિલાઓને કીટનું વિતરણ



સુરેન્દ્રનગર જિલ્લાનાં સાયલા સંસારા ગૃપ ટ્રસ્ટ આયોજિત રાજુલા શહેરમાં વિકલાંગ લોકોને સિલાઈ મશીન સહિત કીટ વિતરણ કરવા માટે રાજુલા શહેરમાં ભારતીય જનતા પાર્ટીનાં વરિષ્ઠ અગ્રણી રવુભાઈ ખુમાણનો સંપર્ક કરતા આ વિસ્તારની ૨૦ જેટલી વિકલાંગ મહિલાઓ સાથે બેઠક કરાવી અને ૧૦ દિવસ સુધી ટ્રેનિંગ આપવામાં આવી હતી. ત્યારબાદ રવુભાઈ ખુમાણનાં હસ્તે આ ટ્રસ્ટ દ્વારા સંચા સહિતની સામગ્રી માટેની કીટ વિતરણ કરવામાં આવી હતી અને એક સામાજિક સેવાકાર્યનાં કારણે વિકલાંગ મહિલાઓ પણ આત્મનિર્ભર બને તેવા પ્રયાસ કરવામાં આવ્યા હતાં. ભાજપ અગ્રણીએ જણાવ્યું આ સાયલાનાં સંસારા ગૃપ ટ્રસ્ટની સામાજિક કાર્ય ખૂબ સારું છે મારા વિસ્તાર અનેક વિકલાંગ મહિલાઓને મદદ કરી તે માટે આ ટ્રસ્ટ ગૃપનો આભાર વ્યકત કરું છું.

## ૩૭ હજારથી વધુ આહીર સમાજની બહેનો એકી સાથે રાસ લેશે

# અમરેલી : દ્વારકાધીશનાં સાંનિધ્યમાં યોજાનારા આહીરાણીનાં મહારાસનાં વિશ્વ રેકોર્ડનો થનગનાટ

જિલ્લાનાં અનેક ધાર્મિક સ્થળોએ બહેનોએ નિમંત્રણ કંકોત્રી અર્પણ કરી પ્રાર્થના કરી

આહીર સમાજની સંસ્કૃતિ, પરંપરા અને એકતાનું કૃષ્ણ ભક્તિ દ્વારા ઉત્કૃષ્ઠ ઉદાહરણ

એક લોહીયા આહીર અમે આ રાસ પર કૃષ્ણમય બની આહીરાણીઓ રચશે વિશ્વ રેકોર્ડ

અમરેલી જિલ્લા યુવા આહીર સમાજનાં પ્રમુખ કમલેશભાઈ ગરણિયાનાં માર્ગદર્શનતળે સંકલન થયું



વડિયા, તા. ૨૦

સમગ્ર ભારતમાં આહીર (યાદવ) સમાજની ખુબ મોટી વસ્તી વસવાટ કરે છે. આ આહીરો શ્રી કૃષ્ણના વંશજ હોવાથી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણને માને છે. હિન્દુસ્તાનમાં ગોકુલ, મથુરા બાદ દ્વારકામાં આહીરો સાથે આવી પોતાની નગરી વસાવી હતી. આજે પણ ગુજરાતમાં વસતો આહીર સમાજ અને જગત મંદિર દ્વારકા તેની સાક્ષી પુરે છે. આ ઉપરાંત કચ્છના વ્રજવાણી ખાતે ભૂતકાળમાં ભગવાન શ્રીકૃષ્ણના ઢોલના તાલે સાત વિસુ આહિરાણીઓ સાથે રાસ લીધા હતા અને ત્યારે આહિરાણીઓએ પોતાના પ્રાણ છૂટયા ત્યાં સુધી એ મહારાસમાં કૃષ્ણમય બની હતી. આ ઘટના પણ હિન્દૂ ધર્મમાં ઐતિહાસિક મનાય છે. એના હજારો વર્ષ પછી ફરી આહીર સમાજની બહેનો દ્વારા ઈષ્ટદેવ દ્વારકાધીશના ઢોલના તાલે ફરી કૃષ્ણમય બનવા માટે, પોતાના ઈષ્ટદેવની આરાધના કરવા માટે, સનાતન હિન્દૂ ધર્મની સંસ્કૃતિને ઉજાગર કરવા માટે દ્વારકાધીશના સાંનિધ્યમાં દ્વારકાનગરી ખાતે આગામી ૨૩ અને ૨૪ ડિસેમ્બરના રોજ મહારાસનું આયોજન કરવામાં આવ્યુ છે. આ મહારાસમાં ૩૭,૦૦૦ થી વધુ આહીર સમાજની બહેનો એક સાથે રાસ લેવાની છે. ત્યારે આ મહારાસમાં ભાગ લેવા માટે અમરેલી જિલ્લા આહીર સમાજની ૨૫૦૦ થી વધુ બહેનો જોડાવાની છે. સાથે સમગ્ર જિલ્લાના દેવી દેવતાઓ પણ આ રાસમાં જોડાય તે માટે આહીર સમાજની બહેનો નિમંત્રણ પત્રિકારૂપી પ્રાર્થના કરતી જોવા મળી છે. જેમા અમરેલી જિલ્લાના લોકોની આસ્થા સમાન ભીડભંજન મહાદેવ, સિદ્ધિ વિનાયક, ભુરખિયા હનુમાનજી, ધારી-ગળધરા ખોડિયાર માં, દરેડ-આપા મેરામની જગ્યા, કોવાયા-લક્ષ્મી નારાયણ, ચંચુડેશ્વર મહાદેવ, સાવરકુંડલા-ગોડકા હનુમાનજી મહારાજ સહિત જિલ્લાના લોકોની આસ્થા સમાન તમામ દેવી-દેવતાઓને મહારાસ માટે આહીર સમાજની બહેનોએ પરંપરાગત પહેરવેશમાં જઈ નિમંત્રણ પાઠવ્યું હતુ. અમરેલી જિલ્લાની બહેનોની આ વ્યવસ્થામાં જિલ્લા લેવલે સરોજબેન ડેર અને ભાવુબેન આહીર સંભાળી રહ્યા છે. જયારે અમરેલી શહેરમાં ગીતાબેન વાઘ, શિલ્પાબેન ભૂવા, બાબરા તાલુકામાં અંજુબેન કનાળા, નીતાબેન ડેર, સવારકુંડલા તાલુકામાં દક્ષાબેન બાંભણિયા, જયશ્રીબેન વાઘમશી, ધારી તાલુકામાં દેવાંગીબેન કાતરીયા, લીલીયા તાલુકામાં ભાવિકાબેન જોટવા, લાઠી તાલુકામાં નેહલબેન બાખલકીયા અને અમરબેન ડેર, કુંકાવાવ તાલુકામાં મીરાબેન ડવ અને આશાબેન ભૂવા, રાજુલા તાલુકામાં ભાવુબેન આહીર દ્વારા સંકલન કરી આ મહારાસમાં ૨૫૦૦ થી વધુ બહેનો જોડાશે અને ૨૫૦ થી વધુ સ્વયંસેવકો વ્યવસ્થા અને રસોડાની કામગીરી સંભાળશે. આ માટે દ્વારકા જવાની વ્યવસ્થા ટ્રાવેલ્સ અને ખાનગી વાહનોમાં કરવામાં આવી છે. ઉપરાંત પોરબંદરના ચેટા ખાતે પણ જમણવારની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર કાર્યક્રમ આહીર સમાજની એકતા, સંસ્કૃતિ અને પરંપરાની ઝાંખી સાથે કૃષ્ણમય બની આહીરો અમે એક લોહીયા છે તેવુ શ્રેષ્ઠ ઉદાહરણ સાથે વિશ્વરેકોર્ડ બનાવવા માટે સમગ્ર દેશ, ગુજરાત અને અમરેલી જિલ્લાની આહીર સમાજની બહેનોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સમગ્ર સંકલનમાં અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના પ્રમુખ કમલેશભાઈ ગરણિયા દ્વારા માર્ગદર્શન અને આયોજન કરવામાં આવી રહ્યું છે.

---

### નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના હસ્તે

## ગાવડકા, નાના ભંડારીયા, માંગવાપાળમાં પાણી પુરવઠાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

**ખૂટતા સ્ટોરેજ અંતર્ગત સંપ નિર્માણ પામશે**



અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના પરિભ્રમણની સાથે સાથે વિકાસકાર્યોના ખાતમુહૂર્ત પણ થઈ રહ્યા છે. અમરેલી તાલુકામાં મંગળ વારના રોજ વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી – કુંકાવાવ – વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના હસ્તે ગાવડકા, નાના ભંડારીયા અને માંગવાપાળ ગામ ખાતે ખૂટતા સ્ટોરેજ અંતર્ગત નવા સંપના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત થયું હતું.

આ વિકાસકાર્યો વિશે માહિતી આપતા પાણી પુરવઠા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ઉષાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, અમરેલી તાલુકામાં જંગર જૂથ યોજના હેઠળ ગાવડકા,નાના ભંડારીયા અને માંગવાપાળ ખાતે ખૂટતા સ્ટોરેજ અંતર્ગત સંપનું નિર્માણ કરવામાં આવશે. જે અંતર્ગત ગાવડકામાં આશરે રૂા.૦૫ લાખના ખર્ચે ૧ લાખ લીટરની ક્ષમતા ધરાવતો સંપ બનશે, નાના ભંડારીયા ખાતે ૧.૨૦ લાખ લીટરની ક્ષમતા ધરાવતો સંપ આશરે રૂા.૦૬ લાખના ખર્ચે બનશે જયારે માંગવાપાળમાં ૨ લાખ લીટરની ક્ષમતા ધરાવતો સંપ આશરે રૂા. ૦૮ લાખના ખર્ચે નિર્માણ પામશે જેનું ખાતમુહૂર્ત વિધાનસભાના નાયબ મુખ્યદંડકએ કર્યુ હતુ.

પાણી પુરવઠા વિભાગના આ વિકાસકાર્યો થકી અમરેલી તાલુકાના ગાવડકા, નાના ભંડારીયા અને માંગવાપાળના રહેવાસીઓની સુખાકારીમાં વધારો થશે તેવો નાયબ મુખ્ય દંડકએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમોમાં ગામના સરપંચ, સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

---

### શારિરીક સમસ્યામાં ડોકટર ભગવાન બનીને આવ્યા

## ગોપાલગ્રામનાં શ્રમિકને યુદ્ધનાં ધોરણે સારવાર આપીને પુનઃ સ્વસ્થ કરતાં ડો. વાળા

**શ્રમિક પરિવારમાં ડો. દેવકુભાઈ પ્રત્યે અહોભાવ**

ગોપાલગ્રામ, તા. ૨૦

ગોપાલગ્રામ અને ચલાલા પંથકમાં સેવાભાવી વ્યકિત તરીકે જેમની ઓળખ છે એવા ડો. દેવકુભાઈ વાળાએ ફરી માનવતાનું સુંદર ઉદાહરણ પુરું પાડયું છે. ગોપાલગ્રામનાં નાના પરિવારમાંથી આવતા કાંતિભાઈ રાઠોડ આજરોજ જૈન અપાસરામાં મજૂરી કામ કરી રહ્યા હતા.

ત્યારે ત્રીજા માળ જેટલી ઉંચાઈએથી પડી જતાં કમર અને કરોડરજજુમાં ઈન્ટનલી ઈન્જરી થતાં બેભાન થઈ જતાં ભાગદોડ થઈ જવા પામી હતી. ત્યારે ડો. વાળા ત્યાં આવીને દર્દીને સીપીઆર આપીને ભાનમાં લાવીને જરૂરી પ્રાથમિક સારવાર આપીને અમરેલી સરકારી હોસ્પિટલમાં વ્યવસ્થા કરાવી આપેલ અને આજે શ્રમજીવી પરિવારમાંથી આવતાં કાંતિભાઈ રાઠોડ સ્વસ્થ છે.

ચલાલા અને ગ્રામ્ય પંથકમાં આવા સુઝબુઝવાળા તબીબનું લોકો ગૌરવ લઈ રહ્યાં છે.

---

## સાવરકુંડલા ખાતે ગ્રાહક જાગૃતિ અંગે સેમિનાર યોજાયો



સાવરકુંડલા, તા. ૨૦

ગ્રાહક સુરક્ષા મંડળ –સાવરકુંડલા દ્વારા રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર સપ્તાહની ઉજવણી અંતર્ગત શ્રી વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર.સંઘવી કોમર્સ કોલેજ, ગ્રાહક જાગૃતિ અંગે સેમિનારનું આયોજન થયેલ હતું.

કાર્યક્રમની શરૂઆત સમૂહપ્રાર્થનાથી કરવામાં આવેલ. પ્રો.ડો.હરેશભાઈ દેસરાણીએ રમેશભાઈ હિરાણી (એડવોકેટ એન્ડ નોટરી) પ્રમુખ, ગ્રાહક સુરક્ષા મંડળ, બીપીનભાઈ પાંધી (ગ્રાહક સુરક્ષાના તજજ્ઞ), ડો.રવિભાઈ મહેતા (અધ્યાપન મંદિર) કન્વીનર, ગ્રાહક સુરક્ષા મંડળ નું શાબ્દિક સ્વાગત કરેલ. પ્રો.પાર્થભાઈ ગેડિયાએ પ્રાસંગિક રીતે ગ્રાહકના અધિકારો શું છે? ગ્રાહક સુરક્ષા ધારો કઈ રીતે ઉપયોગી છે? તે અંગે વાત કરેલ.

ડો.રવિભાઈ મહેતાએ ગ્રાહકે પોતાની અધિકારોની જાગૃતિ માટે શું કરવું? અધિકારોનો ઉપયોગ કઈ રીતે કરવો? તે અંગે ઉદાહરણ સહિત રજૂઆત કરેલ. ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ રમેશભાઈ હિરાણીએ પોતાના ૨૫ વર્ષના અનુભવના નીચોડ સ્વરૂપે અસંખ્ય વાસ્તવિક ઉદાહરણો આપી વેપારીઓ દ્વારા થતી છેતરપિંડી, ઓનલાઈન છેતરપિંડી, સાઈબર ફ્રોડ વિશે ખૂબ જ રસપ્રદ વાતો કરી વિદ્યાર્થીઓને સતત જાગૃત રહેવા અપીલ કરેલ.

સમગ્ર સેમિનારમાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ખરા અર્થમાં કેળવણી શિક્ષણ મેળવેલ. કાર્યક્રમના આયોજન અને સફળતા માટે પ્રિ.ડો. એસ.સી. રવિયા, પ્રો.ડો. હરેશભાઈ દેસરાણી, પ્રો.પાર્થભાઈ ગેડીયા તથા સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવેલ.






---

### આરોગ્ય વિભાગનાં ટોબેકો કંટ્રોલ સેલ દ્વારા

## સા.કુંડલા ખાતે તમાકુથી આરોગ્યને થતાં નુકસાન અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**નિબંધ સ્પર્ધાનું ત્વરિત પરિણામ જાહેર થયું**



સાવરકુંડલા, તા. ૨૦

ગુજરાત રાજય સરકાર દ્વારા આયોજિત આરોગ્ય વિભાગ સાવરકુંડલા દ્વારા ટોબેકો કંટ્રોલ સેલ દ્વારા સ્વામિનારાયણ વિદ્યાલય હાઈસ્કૂલ ધોરણ ૯ અને ધોરણ ૧૦ નાં વિદ્યાર્થીઓમાં તમાકુથી આરોગ્યને થતાં નુકસાન અંતર્ગત જાગૃતિ લાવવા માટે શાળામાં નિબંધ સ્પર્ધા યોજવામાં આવી.

સાવરકુંડલા તાલુકા હેલ્થ ઓફિસર ડો. સંવટ તથા ડો. જિજ્ઞાબેન પટેલ દ્વારા નિબંધ સ્પર્ધા લઈ ત્વરિત પરિણામ જાહેર કરવામાં આવેલા. જેમાં પ્રથમ દાવડા વત્સલ, દ્વિતીય ખુમાણ દેવ્યાંશી અને તૃતીય ભરખડા વિશ્વાને ઈનામો આપવામાં આવેલ . આ સ્પર્ધા માટે શાળાનાં ભાષા શિક્ષક તૃપ્તિબેન રાવલ, કૌશિકભાઈ ગોસ્વામી, વેકરીયા અને શાળાનાં આચાર્ય ગિરીશભાઈ વ્યાસનો સહયોગ તથા ગુરૂકુળ સંસ્થાના પૂજય સંતોના આશીર્વાદ મળેલ હતાં.

---

### સમર્પણ ધ્યાન સેન્ટર દ્વારા સુંદર આયોજન

## સા.કુંડલા : શિવકૃપાનંદ સ્વામીજીની શિબિરનું જીવંત પ્રસારણ કરાયું

**૩૫ સાધકોએ ઉત્સાહભેર લાભ લીધો**



સાવરકુંડલા, તા. ૨૦

શિવ કૃપાનંદ સ્વામીજીની નાગપુરમાં ચાલી રહેલી લાઈવ શિબિરનું જીવંત પ્રસારણ સાવરકુંડલામાં સમર્પણ ધ્યાન સેન્ટર પર રાખવામાં આવેલ. જેસર રોડ ધ્યાન સેન્ટર સાવરકુંડલામાં ૧૯ ભાઈઓ તથા ૧૬ બહેનો એમ કુલ ૩૫ સાધકોએ ધ્યાન શિબિરમાં પ્રથમ દિવસે લાભ લીધેલો. ગુઢદેવની ચૈતન્ય વર્ષા અને ધ્યાનની અનુભૂતિ પામીને બધાને ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત થઈ. અને પોતાના વ્યક્તિત્વનો વિકાસ અને અનેક ગણી શાંતિનીઅનુભૂતી થઈ હતી અને માણસ એકાંતમાં પોતાની જાત સાથે હોય છે એકલતામાં નથી હોતો એ સૂત્ર પણ સાર્થક થયું હતું.

## આગામી ૨૨ મી જાન્યુઆરીએ અયોધ્યામાં થનારા રામ મંદિરનાં પ્રતિષ્ઠા મહોત્સવની સંગાથે

# અમરેલીનાં માળીલા ખાતે રોશનીનો ઝગમગાટ કરાશે

ઈફ્કોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં વતનનાં ગામ ખાતે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે

રામજી મંદિરનો જીર્ણોધ્ધાર, સમસ્ત ગામજનો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરાશે

માળીલાનાં ગામજનો અયોધ્યાનાં રામ મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું જીવંત પ્રસારણ નિહાળશે

સુરત વસવાટ કરતા ગામજનોને નિમંત્રણ માટે દિલીપ સંઘાણી રૂબરૂ જશે









અમરેલી, તા. ૨૦

દેશ માટે ગૌરવની ક્ષણ એવા અયોધ્યા ખાતે આગામી ૨૨ જાન્યુઆરીના રોજ રામલલ્લાના રામ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવને વધાવવા સમગ્ર દેશ થનગની રહ્યો છે અને આ ભવ્યાતિભવ્ય ધર્મ મહોત્સવમાં સામેલ થવા સમગ્ર દેશવાસીઓ અયોધ્યા નગરીની યાત્રા કરશે. હિંદુ રાષ્ટ્રના આ ભવ્ય મહોત્સવમાં અમરેલી તાલુકાનું નાનુ એવું માળીલા ગામ અનોખી રીતે ઉજવણી કરીને અયોધ્યા મહોત્સવમાં ઘરબેઠા સામેલ થાય તે અંગેનું ભવ્ય આયોજન વતન ખાતે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી તરફથી કરવામાં આવ્યું છે, આયોજન અંગેની બેઠક યોજાઈ હતી.

૨૨ જાન્યુઆરીનાં રોજ માળીલા રોશનીથી ઝળહળી ઉઠશે, રામજી મંદિરનો જીર્ણોદધાર કરવામાં આવશે, સમસ્ત ગામ ધુવાડાબધ ભોજન પ્રસાદ લેશે તદુઉપરાંત ગામના પાદરેથી પ્રસાર થતી વ્યકિતઓ ભોજન પ્રસાદમાં સામેલ થાય તે રીતની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ છે. ગ્રામજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું લાઈવ પ્રસાર માણી શકે તે અંગેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

માળીલા ખાતેના કાર્યક્રમમાં સુરત વસતા ગ્રામજનોને સામે થવાના નિમંત્રણ માટે દિલીપ સંઘાણી સુરતના પ્રવાસે જશે. માળીલા ખાતે આયોજન અંગેની બેઠકમાં દિલીપ સંઘાણી, અશ્વિનભાઈ સાવલીયા, જયંતિભાઈ પાનસુરીયા, મુકેશ સંઘાણી, બાલુભાઈ સંઘાણી, બાબુભાઈ સખવાળા સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામની સ્વચ્છા કાર્યને અગ્રતા આપવાાં આવી હતી.

### ધારાસભ્ય મહેશ કસવાળાએ માર્ગ અને આરોગ્ય માટે સરકારમાંથી લાવ્યા સૈદ્ધાંતિક મંજુરી

## સાવરકુંડલા : વીજપડી CHC સેન્ટર તો ગાધકડાને PHC સેન્ટર પર સરકારની મંજુરીની મહોર

શેલણા, ઠવી, ભોંકરવા માર્ગના રૂા. ૪.૧૫ કરોડ અને લાલાવદરથી ક્રાંકચ માર્ગના રૂા. ૧૫.૩૭ કરોડ મંજુર કરાયા

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા લીલીયા વિધાનસભામાં ચુંટાઈને ધારાસભ્ય બનેલા મહેશભાઈ કસવાળા એક દિવસ પણ બન્ને તાલુકાનાં વિકાસ અને રાજયમાં સૌથી વિકાસ શીલ વિધાનસભાની બેઠક બને તે માટે સતત જાગૃત થયા તેના ફળ સ્વરૂપે સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ગામડાઓમાં વિકાસની હરણફાળ જોવા મળી રહી છે. સાવરકુંડલાના સૌથી મોટા ગામ વીજપડીને પી.એચ.સી. સેન્ટરમાંથી સી.એચ.સી.સેન્ટરમાં કાર્યરત કરવા કરોડોનાં ખર્ચે આધુનિક સીએચસી બની રહે તે માટે સરકારમાંથી સૈદ્ધાંતિક મંજુરી મળી ગઈ છે. જયારે ગાધકડા ગામને પીએસસી સેન્ટર બને તે અંગેની પણ

મારી દીધી છે. જયારે શેલણા, ઠવી, ભોંકરવા, જવાના ૧૦ કિલોમીટરનાં માર્ગને રીકાર્પેટ કવરા ૪ કરોડ ૧૫ લાખ મંજુર કરાવ્યા તો લીલીયા તાલુકાનાં છેક લાલાવદર થી ક્રાંકચ સુધીનાં માર્ગને ૧૫ કરોડ ૩૭ લાખનાં ખર્ચે મંજુર કરાવવાનો લક્ષ સાથેનો શ્રેય ધારાસભ્ય શીરે જાય છે. જયારે સાવરકુંડલાથી જેસર સુધીનાં માર્ગને રીકાર્પેટ કરવા ૨૨ કરોડ જેવી માતબર રકમ સરકાર દ્વારા મંજુર થયેલ હોય જેથી સાંસદ નારણભાઈ કાછડીયા તેમજ કેન્દ્ર અને રાજય સરકારનો આભાર ધારાસભ્યએ વ્યકત કર્યો છે. જયારે બાયપાસ રોડથી લઈને સ્પોટર્સ સંકુલ, રીવરફ્રન્ટ, પાણી પુરવઠા યોજના, સૌની યોજનાથી ડેમો ભરવા સુધીની કરોડો રૂપિયાની ગ્રાન્ટ સાવરકુંડલા લીલીયા વિસ્તાર માટે લાવનારા ધારાસભ્ય કામગીરીમાં વધુ એક સિદ્ધિ સમાન નવા રોડ રસ્તા અને આરોગ્યની સુખાકારી માટેનાં પીએચસી એન સીએચસી સેન્ટરો માટે સૈદ્ધાંતિક મંજુરીઓ સરકારમાંથી લાવીને નામનાં ધારાસભ્ય નહિ પણ કામનાં ધારાસભ્ય સાવરકુંડલા લીલીયા પંથકમાં લોકો પ્રતીતિ કરી રહયાા છે. તેમ સત્વ અટલધારા કાર્યાલયના જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું

### પૂ. રાજબાઈ માએ વિદાય લીધી

સીમમાં જંગલમાં એક ઉજજડ ડેરી બતાવી. ખોડીયાર માએ પૂજય રાજબાઈમાને આવકાર્યા અને બસ મા આ ડેરીએ બેસી ગયા. આજુબાજુના લોકો આવતા થયા. શ્રધ્ધાથી માના આશીર્વાદથી મનની ઈચ્છાઓ પુર થાય તેવા અઢળક પરચા આપી હજારોની સંખ્યામાં ભાવકો ભકિતભાવે પૂજય માને પૂજયા. આજ ૧૨૬ વર્ષની ઉંમરે ખારાને મોઠો કરી હજારો ભાવકો વચ્ચેથી વિદાય લીધી. સૌએ અશ્રુભીની આંખે વિદાય આપી.

### સમગ્ર ગુજરાતનાં તમામ સરપંચો, તાલિકા પ્રમુખ માટે પ્રેરણાદાયી ઘટના

## ભૈ વાહ : સા.કુંડલાનાં મોટા ઝીંઝુડા ગામના સરપંચે ગામમાં સંપૂર્ણપણે દારૂબંધીની અમલવારી શરૂ કરાવી

ગામનાં પ્રથમ નાગરિક જાગૃત બની પોલીસને સાથ મેળવીને જનહિતનું કાર્ય કરી શકે

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા તાલુકાના મોટાઝીંઝુડા ગામમાં છેલ્લા ઘણા સમયથી દારૂ બાબતે સરપંચને ફરિયાદ મળતી હતી, ગામમાં સ્ત્રીઓ અને બાળ કોના ભવિષ્ય સુધરે તેમજ ગામમાં શાંતિ અને સુલેહ જળવાઈ રહે તે માટે ગામમાં મીટિંગનું આયોજન સરપંચ પંકજ ઉનાવા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં વડીલો, ગામના આગેવાનો તેમજ બહેનો આવેલ હતા. બહેનોની ફરિયાદ અને દારૂડિયાનો વધતો ત્રાસ બાબતે સરપંચ પંકજ ઉનાવાએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકે જઈ પીએસઆઈને રજુઆત કરેલ, ગામના લોકોની માંગણી અને ગામનો સર્વાંગી વિકાસ થાય તેમજ ગામમાં શાંતિ જળવાઈ રહે, દારૂડિયા દારૂ ન પીવે અને બાળકોના શિક્ષણમાં પૈસા ખર્ચે તેવા ઉમદા હેતુથી પંકજ ઉનાવા દ્વારા ગામમાં દારૂબંધી ની ઘોષણા કરવામાં આવી છે.. ગામના લોકોને વિનંતી પણ કરવામાં આવી છે કે કોઈ દારૂડિયો દારૂ પી ને નીકળે અથવા કોઈ દારૂ વેચતો જોવો તો વિડિઓ ઉતારી સરપંચને મોકલો અને પોલીસને જાણ કરો તેવી ભલામણ પણ સરપંચ દ્વારા કરવામાં આવી છે.



### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૪૨ | ૧૪૩૧ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૫ | ૧૩૪૮ |
| ૨ | શિંગ મોટી | ૧૦૭૦ | ૧૪૧૪ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૩૦૦ |
| ૫ | તલ કાળા | ૨૨૦૦ | ૩૨૯૩ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૬૩૫ | ૩૯૦૪ |
| ૭ | બાજરો | ૪૫૦ | ૫૩૨ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૩ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૯ | ૫૯૪ |
| ૧૦ | મગ | ૧૨૯૨ | ૧૫૩૬ |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૫ | ૧૧૭૦ |
| ૧૩ | તુવેર | ૧૧૯૦ | ૧૯૧૦ |
| ૧૪ | કપાસ | ૯૭૦ | ૧૪૫૬ |
| ૧૫ | એરંડા | ૮૦૦ | ૧૦૯૫ |
| ૧૬ | ધાણા | ૧૧૭૦ | ૧૪૪૫ |
| ૧૭ | સોયાબીન | ૭૫૦ | ૯૩૦ |
| ૧૮ | મરચા લાંબા | ૧૧૦૦ | ૩૩૫૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૫૦ | ૩૧૮૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૨૦૦ |
| ૫ | જીરૂ | ૭૩૦૦ | ૮૮૦૦ |
| ૬ | કપાસ | ૧૧૦૨ | ૧૪૧૯ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૨૩ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૨૧ |
| ૧૦ | જુવાર | ૭૦૧ | – |
| ૧૧ | મકાઈ | ૩૭૫ | ૪૬૫ |
| ૧૨ | અડદ | ૧૧૩૫ | – |
| ૧૩ | ચણા | ૯૫૦ | ૧૧૫૦ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | ૧૭૦૨ |
| ૧૫ | મેથી | ૧૦૩૪ | – |
| ૧૬ | ધાણા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ૧૭ | સોયાબીન | ૮૫૦ | ૯૨૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૧ |
| ૨ | મગફળી | ૯૦૫ | ૧૩૩૬ |
| ૩ | ઘઉં | ૪૯૫ | ૫૩૩ |
| ૪ | ચણા | ૯૫૬ | ૧૦૨૫ |
| ૫ | ધાણા | ૧૨૦૨ | ૧૩૦૫ |
| ૬ | એરંડા | ૧૦૨૧ | ૧૦૭૮ |
| ૭ | શીંગદાણા | ૧૨૪૦ | ૧૭૫૬ |
| ૮ | સોયાબીન | ૮૬૦ | ૮૬૦ |
| ૯ | અડદ | ૧૭૨૦ | ૧૭૨૦ |
| ૧૦ | તલ | ૨૪૫૦ | ૨૬૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૫ |
| ૨ | ચણા | ૧૦૦૨ | ૧૧૨૫ |
| ૩ | ધાણા | ૧૧૭૦ | ૧૨૫૫ |
| ૪ | સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |
| ૫ | તલ સફેદ | ૨૯૦૦ | ૨૯૩૦ |
| ૬ | મગફળી | ૧૧૫૧ | ૧૧૬૦ |
| ૭ | બાજરો | ૪૧૭ | ૪૧૭ |
| ૮ | ઘઉં લોકવન | ૫૯૦ | ૫૭૫ |
| ૯ | મગ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૧૦ | તુવેર | ૯૫૦ | ૧૨૨૫ |
| ૧૧ | ચણા સફેદ | ૧૧૧૨ | ૧૧૧૨ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૭૦ |
| ૧૩ | અડદ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૧૪ | મકાઈ | ૫૨૦ | ૫૨૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૦૫ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૧૨૬૦ | ૧૩૫૦ |
| ૩ | અડદ | ૧૫૭૦ | ૧૭૦૦ |
| ૪ | ઘઉં | ૪૭૬ | ૫૩૪ |
| ૫ | ચણા | ૯૭૫ | ૧૧૧૫ |
| ૬ | સોયાબીન | ૮૯૨ | ૯૧૮ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૧ | ૧૪૦૧ |
| ૨ | તલ સફેદ | ૨૬૧૦ | ૩૦૨૮ |
| ૩ | તલ કાળા | ૨૬૦૧ | ૨૬૦૧ |
| ૪ | કપાસ | ૧૦૫૦ | ૧૪૨૫ |
| ૫ | બાજરો | ૪૩૦ | ૫૪૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૮૦ |
| ૭ | જુવાર | ૬૨૫ | ૧૧૭૦ |
| ૮ | મગ | ૧૭૦૦ | ૨૫૫૧ |
| ૯ | મઠ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | અડદ | ૧૪૫૧ | ૧૮૯૧ |
| ૧૧ | તુવેર | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૦૫૦ |
| ૧૩ | ધાણા | ૧૦૧૫ | ૧૧૮૧ |

### સારહિ યુથ કલબના પ્રમુખ મુકેશ સંઘાણીના ૫૧માં જન્મદિને મિત્રો દ્વારા આયોજન


# અમરેલીમાં આગામી ૨૪ ડીસે.ના રોજ ''વ્હાલાભેરૂના વધામણા'' કાર્યક્રમ યોજાશે

**યુવા આઈકોન મુકેશ સંઘાણીના જન્મદિનની સેવા દિન તરીકે પ્રેરણાદાયી ઉજવણી કરાશે**

**૫૧ મિત્રો દ્વારા દહેદાનની જાહેરાત, ૫૧ અનાથ બાળકોને વાર્ષિક શિક્ષણ ફી, ૫૧ વિધવા બહેનોને રાશનકીટ અપાશે**

**સમગ્ર જિલ્લામાં ૫૧ રકતદાન કેમ્પ, મંદિરોમાં ધૂન અને આરતી પણ કરવામાં આવશે**

**વિવિધ સેવાકીય સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓનું સન્માન પણ કરવામાં આવશે**






અમરેલી, તા. ૨૦

સેવાકીય અને સામાજિક જીવનમાં સીમાચિહનરૂપ કામ કરનાર તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા અને તેને ચરિતાર્થ કરનાર વ્હાલા ભેરું મુકેશ સંઘાણી અમરેલીના જાણીતા સેવાકીય અને સામાજિક કાર્યકર્તા મુકેશ સંઘાણી કે જેઓ સારહી યુથ કલબના સ્થાપક અને પ્રમુખ છે અને અનેક સામાજિક અને સેવાકીય સંસ્થા સાથે વર્ષોથી જોડાયેલા છે અને તન, મન , ધનથી સેવાકીય અને સામાજિક કાર્ય કરતા આવ્યા છે. પૂર, ભૂકંપ, કોવીડથી લઈ કોઈપણ મુશ્કેલીમાં લોકોપયોગી કાર્ય કરવામાં સદા અગ્રેસર મુકેશ સંઘાણીએ સેવાકીય કાર્યમાં એક ધોરીમાર્ગ બનાવ્યો છે. છેલ્લા ત્રણ દાયકાથી તેમણે અમરેલી જિલ્લામાં સેવાની જયોત ઉજાગર કરી છે. મુકેશ સંઘાણીનો ૫૧મો જન્મદિન આગામી ૨૪ ડિસેમ્બરના રોજ ઉજવાશે.

આ પ્રસંગે તેમના ભેરૂડાઓ દ્વારા એક અનોખી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીનો મુખ્ય હેતુ સેવાકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો છે.

આ તકે ૫૧ મિત્રો દ્વારા બાળકોની વાર્ષિક શિક્ષણ ફી આપવામાં આવશે. ૫૧ વિધવા બહેનોને રાશનકીટ આપવામાં આવશે. ૫૧ સગર્ભા બહેનોને પ્રોટીન કીટ આપવામાં આવશે. ૫૧ ટીબી પેશન્ટને કીટ આપવામાં આવશે. ૫૧ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવશે તેમજ પાંચ મંદિરોમાં ધૂન અને આરતી કરવામાં આવશે. અમરેલીની વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા ૫૧ સેવાકીય કાર્યક્રમ આપવામાં આવશે.

પાંચ ગૌશાળામાં ગાયોને લાડુ અને ઘાસચારો આપવામાં આવશે. મહિલા વિકાસ ગૃહની દીકરીઓને અને ચિતલ રોડ અંધશાળાના બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવશે. મુકબધીર શાળાના બાળકોને એજયુકેશન કીટ વિતરણ કરવામાં આવશે. આ સેવા યજ્ઞમાં અમરેલીની વિવિધ સેવાકીય સંસ્થાઓ લોકોપયોગી સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓનું સન્માન કરવામાં આવશે.મુકેશ સંઘાણી જન્મદિન ઉજવણી સમિતિ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું વિશિષ્ટ આયોજન કરવામાં આવી રહયું છે. તેઓએ આ સેવાકીય ઉજવણીમાં સર્વે જનસમુદાયને સહભાગી થવા આમંત્રણ પાઠવ્યુ છે નોંધનીય બાબત એ છે કે સમગ્ર કાર્યક્રમ અને સેવાકીય પ્રવૃત્તિનો ખર્ચ મુકેશ સંઘાણીના ભેરૂડાઓ દ્વારા થનાર છે.

### આઝાદીની શરૂઆતમાં પોલીસની કામગીરીની યાદ

## સા.કુંડલા : આજથી ૭૫ વર્ષ પહેલા પોલીસ વિભાગ પાસે મિકેનિકલ વાહનમાં માત્ર સાઇકલ

**પેટ્રોલીંગ ઘોડા, ઉંટ અને સાઇકલ દ્વારા જ થતુ હતું**

( પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૨૦

આજથી આશરે ૭૫ વર્ષ પહેલાં પોલીસ ખાતામાં એકપણ પ્રકારના મિકેનિકલ વાહનનો ઉપયોગ પેટ્રોલિંગ માટે થતો નહોતો. ફકત ડી.એસ.પી. માટે એ જમાનાની એમ્બેસેડર નો ઉપયોગ થતો હતો પરંતુ એકપણ પોલીસ સ્ટેશનમાં વાહન હતું નહી.માત્ર ઘોડા અને ઊંટ દ્વારા પી.એસ.આઈ.સહીત તમામ સ્ટાફ તપાસ અર્થે કે પેટ્રોલિંગ કરતા.સૌ પ્રથમ વાહન તરીકે સાઈકલ તમામ પોલીસ સ્ટાફને આપવામાં આવી હતી. એ સમયે



ફોજદાર પણ કોન્સ્ટેબલ સાથે સાઈકલ ઉપર સવારી કરતા હતા. અને ખાસ યાદ કરાવવાનુ કે, એ સમયે પોલીસ કોન્સ્ટેબલ ના યુનિફોર્મમાં ખાખી ચડ્ડી હતી...!


આ લખનારના સ્વ. પિતાજી ૧૯૬૨માં પોલીસ ઈન્સ્પેકટર હોવાથી આ માહિતી પ્રાપ્ય થઈ. આ સાથે એ સમયની સાઈકલ કે જેમાં ટાયર ટ્યુબ નહોતા તેની તસ્વીર સામેલ છે.

## સા.કુંડલામાં દરરોજ સવારે ઔષધિય ઉકાળાનું વિતરણ

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા કલ્યાણ સોસાયટીમાં રોડ ટચ ચામુંડા કૃપા પાસે સવારે સાત થી ૧૧ સુધી, ૧૮ ભાતની જડીબુટ્ટી એકત્રિત કરી ઔષધીથી ઉકાળો બનાવવામાં આવે છે જે ડાયાબિટીસ કંટ્રોલ કરે છે શરીરનાં ગમે તે રોગ સંધિવા માટે અને ચિકનગુનિયા મેલરીયા સાવ મટી જાય છે અને આખો દિવસ સ્ફૂર્તિમાં પસાર થાય છે. જેની ખાત્રી પણ ખાદી કાર્યાલય વાળા ભીખુભાઈ પાતાભાઈ રવિયાએ આપી હતી અને વધુમાં વધુ લોકો આ ઉકાળાનો લાભ લઈ એવી વાત પણ જણાવવામાં આવી હતી અને ફ્રી માં અમૃત પીવા આવો તેવું સૂત્ર પણ આજુબાજુ ગુંજી ઉઠયું હતું.

## રાજુલામાં મોવડિયા દાદાનાં મંદિરે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન



રાજુલા, તા. ૨૦, રાજુલા ખાતે ધાતરવડી ડેમની વચ્ચોવચ મોવડીયા દાદાનુ મંદિર આવેલું છે. આ મંદિરમાં રાજુલા શહેર અનોખી આસ્થા ધરાવે છે આ મંદિર રાજુલાના દરેક સમાજ માટે આસ્થાનું કેન્દ્ર છે. આ મંદિરનું નવું નિર્માણ તાજેતરમાં કરવામાં આવ્યુંછે. જેમાં વડવા દાદા તેમજ પિતૃ દેવોની વાળાંગર પરિવારને આંગણે પેઢી દર પેઢીથી યોજાતા આ કાર્યક્રમમાં પૂજય દાદાના મંદિરના જીર્ણોદ્ધાર ધજા રોહન તેમજ હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન આગામી ૨૧મી ડિસેમ્બરના રોજ ગુરૂવારે રાખેલ છે. જેમાં સવારે ૯:૦૦ કલાકે હોમાત્મક લઘુરૂદ્ર યોજાશે. કળશ અને પ્રવજારોહન બપોરે ૧૨:૦૦ કલાકે યોજાશે. ભોજન પ્રસાદ બપોરે ૧:૦૦ કલાકે તેમજ બીડું હોમ વિધિ સાંજે પાંચ કલાકે કરવામાં આવશે આ ભવ્ય કાર્યક્રમમાં મોવાડિયા દાદા દેવસ્થાન સ્મારક સમિતિ તેમજ ભટ્ટ પરિવાર રાજયગુરૂ પરિવાર, જોશી પરિવાર, વ્યાસ પરિવાર, ત્રિવેદી પરિવાર સહિત રાજુલા સમસ્ત લોકોએ ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવેલ છે અને આ મંદિરના આ કાર્યકમ માં તમામ ધર્મ પ્રેમી જનતાએ દર્શનનો લાભ લેવા મોવડીયા દાદા દેવસ્થાન સ્મારક સમિતિએ અનુરોધ કરેલ છે.

## અમરેલી ખાતે તળપદા કોળી સમાજ દ્વારા માર્ચ મહિનામાં સમુહલગ્ન યોજાશે

અમરેલી,તા.૨૦

અમરેલી ખાતે મહિલા તળ પદા કોળી સેવા સમાજ દ્વારા તા.૯/૩/૨૦૨૪ ના રોજ તળપદા કોળી સમાજનાં સમુહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ સમુહ લગ્નમાં ભાગ લેવા માંગતા વહેલા તે પહેલા નીચે સરનામે નોંધણી ચાલુ છે. પ્રમુખ શ્રીમતી આરતીબેન આર.ગોહિલ શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર હરીરામ હોલસેલ માર્કેટ, દુ.નં.બી/એફ-૧૩, પહેલો માળ, અમરેલી મો.૯૪૦૯૩ ૧૩૬૪૪ પરશોતમભાઈ મકવાણા મો.૯૪૨૮૭ ૯૮૬૪૭ રમેશભાઈ આર.ડાભી ચિતલ, તા.જિ.અમરેલી મો.૯૧૦૪૪ ૧૯૬૪૧ સંપર્ક કરવા જણાવેલ છે.

### પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાથી

## કેન્સરની બીમારી માટેની રૂપિયા ૩.૫ લાખની શસ્ત્રક્રિયા આયુષ્યમાન કાર્ડ થકી નિ:શુલ્ક

**નાના ભંડારીયાના લાભાર્થીએ સરકારનો આભાર માન્યો**

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લાના નાના ભંડારીયાના મધુભાઈ ત્રાપસીયા ૭૦ વર્ષની વયના છે. વ્યવસાયે ખેડૂત અને હાલ નિવૃત્ત છે તેવા મધુભાઈને કેન્સરની બિમારી થઈ હતી. મધુભાઈએ કહ્યુ કે, પ્રથમ વાર જયારે કેન્સરની સારવાર કરાવવાની થઈ ત્યારે મારી પાસે આયુષમાન કાર્ડની વ્યવસ્થા ન હોતી તેથી એ સારવાર વખતે અમે સ્વ ખર્ચે રૂા.૩.૫ લાખ ચૂકવી અને રાજકોટ ખાતે સારવાર કરાવી હતી. જો કે, સંજોગ વસાત આગળ જતા મારે ફરી કેન્સરની શસ્ત્ર ક્રિયા કરવાની થાય તેવી સ્થિતિનું નિર્માણ થયું. પરંતુ આ સારવાર વખતે મારી પાસે આયુષમાન કાર્ડ હતું.



મારા પુત્રએ મને જણાવ્યુ હતુ કે, આયુષમાન કાર્ડના માધ્યમથી આરોગ્ય વિષયક સહાય નિ:શુલ્ક મળી રહે છે. મને એ વાતમાં વધુ વિગત મળી કે, આયુષમાન કાર્ડ એ રૂા.૦૫ લાખ સુધીની નિ:શુલ્ક સારવાર થશે તેથી અમે આયુષમાન કાર્ડની મદદથી રાજકોટ સ્થિત હાસ્પિટલ ખાતે સારવાર કરાવી.સારવારનો ખર્ચ રૂા.૩.૫ લાખ થયો જે મને આયુષમાન કાર્ડ દ્વારા મળ્યો. સરકારનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરૂ છું.

આ શબ્દો છે અમરેલી જિલ્લાના નાના ભંડારીયાના રહીશ મધુભાઈ ત્રાપસીયાના નાના ભંડારીયા ખાતે યોજાયેલા વિકસિત ભારત સંકલ્પ યાત્રાના કાર્યક્રમના દરમિયાન તેમણે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો.

આયુષમાન ભારત યોજના અંતર્ગત રાજયમાં રૂા.૧૦ લાખ સુધીની સહાય તબીબી સારવાર માટે મળવાપાત્ર છે. આ યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યો છે.

વિકસિત અને નિરામય રાષ્ટ્રના નિર્માણ અર્થે આયુષમાન ભારત કાર્ડ પી.એમ.જે.વાય. યોજના થકી નાગરિકોના જીવનમાં આર્થિક તેમનું સામાજિક રીતે સકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે.

# ખાંભા ખાતે દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં ડુંગળીની ખરીદી શરૂ






સહકારથી સમૃદ્ધિ કરવાનાં સરકારનાં ધ્યેયને ખરા અર્થમાં સાર્થક સાબિત કરતા નાફેડના ચેરમેન દિલીપ સંઘાણી દ્વારા ખાંભા ખાતે ડુંગળીની ખરીદી અંગે નાફેડનાં સતાધીશ સંગાથે એમ.ડી.દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ખેડૂતોના હિતમાં કામ કરતી નાફેડ સંસ્થા દ્વારા મહુવા અને ખાંભા ખાતે ડુંગળીની ખરીદી પ્રક્રિયા શરૂ રાખીને ખેડૂતોની વ્હારે ઉભી છે. અમરેલી જિલ્લામાં ડુંગળી પકવતા ખેડૂતો મહુવા સુધી ધક્કા ખાતા હતા તે પણ ખેડૂતોને અગવડતાને અન્ય જિલ્લામાં ડુંગળી વેચવા ના જવું પડે તે માટે નાફેડના ચેરમેન દિલીપ સંઘાણી દ્વારા ખાંભા એપીએમસી ખાતે ડુંગળી ખરીદવાનું સેન્ટર શરૂ કર્યા બાદ આજે નાફેડનાં ચેરમેન દિલીપ સંઘાણી, એમ.ડી. રિતેશ ચૌહાણ, (આઈ.એ.એસ.)નાફેડ ગુજરાતનાં મેનેજર શંકર શ્રીવાસ્તવની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે ખાંભા માર્કેટીંગ યાર્ડમાં ખેડૂતોની ડુંગળીની જાહેર હરરાજીમાં ખાસ નિરીક્ષણ કર્યુ હતું. જગતનાં તાતને કોઈ મુશ્કેલીઓ અને વિટંબણાના અનુભવે તે માટે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, નાફેડનાં એમ.ડી.રિતેશ ચૌહાણ, નાફેડ ના એડ.એડી.એમડી. સુનીલકુમાર, નાફેડ ગુજરાત મેનેજર શ્રીવાસ્તવ સાથે મહુવા માર્કેટિંગ યાર્ડનાં ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ, સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડનાં ચેરમેન દીપક માલાણી, ખાંભા એફ.પી.ઓ.ના વિપુલ શેલડીયા, ખાંભા માર્કેટ યાર્ડનાં ચેરમેન વિનુભાઈ રૈયાની ખાસ હાજર રહયા હતા ને ખેડૂતો સંગાથે ગોષ્ઠી કરી હતી.

સચોટ - સટીક - સાતત્યસભર દૈનિક

આમ આદમીનું અખબાર

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

# અમરેલી એક્સપ્રેસ

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

લવાજમની મુદ્ત
તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪

એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં ગામોમાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com











## હાર્દિક અભિનંદન



**શ્રી મલ્લિકાર્જુન ખડગે**
પ્રમુખ : ઓઈ ઈન્ડિયા
કોંગ્રેસ સમિતિ



**શ્રી પ્રતાપ દુધાત**
પ્રમુખ : અમરેલી જિલ્લા
કોંગ્રેસ સમિતિ



**શ્રી રાહુલ ગાંધી**
પૂર્વ પ્રમુખ : ઓલ ઈન્ડિયા
કોંગ્રેસ સમિતિ

અખિલ ભારતીય કોંગ્રેસના પ્રમુખ શ્રી મલ્લિકાર્જુન ખડગે અને પૂર્વ પ્રમુખ અને સાંસદ શ્રી રાહુલ ગાંધીની સુચનાથી રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી શ્રી કે.સી. વેણુગોપાલ દ્વારા અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે યુવા, ઉત્સાહી અને પૂર્વ ધારાસભ્ય **"શ્રી પ્રતાપ દુધાત"** ને જવાબદારી સોંપવામાં આવતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને તેઓ અમરેલી જિલ્લામાં કોંગ્રેસપક્ષને સફળતાના શિખરો સર કરાવવામાં સફળ રહે તેવી શુભકામનાઓ...

**: શુભેચ્છક :**

**પૂર્વ ધારાસભ્યશ્રીઓ**
પરેશભાઈ ધાનાણી
વિરજીભાઈ ઠુંમર
અંબરીશભાઈ ડેર
ઠાકરશીભાઈ મેતલીયા

**પ્રદેશ કોંગ્રેસ પ્રતિનિધિઓ તથા જિલ્લાના અગ્રણીશ્રીઓ**
સુરેશભાઈ કોટડીયા
જેનીબેન ઠુંમર
ચંદ્રેશભાઈ રવાણી
નિશીત પટેલ
કિર્તીભાઈ બોરીસાગર

**પૂર્વ જિલ્લા પ્રમુખશ્રીઓ**
પંકજભાઈ કાનાબાર
શંભુભાઈ દેસાઈ
અર્જુનભાઈ સોસા
ડી.કે. રૈયાણી

પ્રભાતભાઈ ડી. કોઠીવાળ (નેતા વિપક્ષ જિલ્લા પંચાયત, અમરેલી)

**તાલુકા શહેર પ્રમુખશ્રીઓ**
મનીષભાઈ ભંડેરી – અમરેલી તાલુકા
સંદીપભાઈ પંડયા – અમરેલી શહેર
રવજીભાઈ પાનસુરીયા – કુંકાવાવ તાલુકા
રાજુભાઈ માંડવીયા – કુંકાવાવ શહેર
જસમતભાઈ ચોવટીયા – બાબરા તાલુકા
મયુરભાઈ જોષી – બાબરા શહેર
આંબાભાઈ કાકડીયા – લાઠી તાલુકા
ધીરૂભાઈ ધોળકીયા – લાઠી શહેર
મહીપતગર ગોસ્વામી – દામનગર શહેર
મનુભાઈ ડાવરા – સાવરકુંડલા તાલુકા
વિજયભાઈ ડોડીયા – સાવરકુંડલા શહેર
દિલીપભાઈ સાવલીયા – ધારી તાલુકા
ડી.બી. ભારોલા – ધારી શહેર
વિશાલભાઈ માલવીયા – ચલાલા શહેર
ભરતભાઈ સખવાળા – ખાંભા તાલુકા
બાબુભાઈ માંગાણી – ખાંભા શહેર
બાબુભાઈ દુધાત – બગસરા તાલુકા
ચિરાગભાઈ પરમાર – બગસરા શહેર
ગાંગાભાઈ હડીયા – રાજુલા તાલુકા
અમીતભાઈ જોષી – રાજુલા શહેર
નાથાભાઈ પરમાર – જાફરાબાદ તાલુકા
પ્રકાશભાઈ બાંભણીયા – જાફરાબાદ શહેર

# અમરેલી એક્સપ્રેસ

## ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના

હરહંમેશ... સેવાકીય પ્રવૃતિઓને... પ્રોત્સાહીત કરનાર **"અમરેલી એક્સપ્રેસ"** દૈનિકના **૧૫માં વર્ષના મંગલ પ્રારંભે** તંત્રી **મનોજ રૂપારેલ** અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ **"અમરેલી એક્સપ્રેસ"** વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...



**: શુભેચ્છક :**

## નટરાજ રોડ લાઇન્સ
અમરેલી-ભાવનગર-રાજકોટ

## આશાપુરા ટ્રાન્સપોર્ટ કંુ.
અમરેલી-ભાવનગર-રાજકોટ

શ્રી ઉદયભાઇ શેખવા : મો. ૯૧૩૭૧ ૫૫૫૫૫

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)